| | | | |
|---|---|---|---|
| Published Date: | 15 Dec 2017 | Publication: | Vadodara Samachar |
| Edition: | Vadodara | Page No: | - |


# નવરચના વડોદરા ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૭ની રનર્સ-અપ રહી સુજય નિગમ અને સચીન અગ્રવાલે સિલ્વર મેડલ જીત્યા




સુજય નિગમ અને સચીન અગ્રવાલની નવરચના સ્કુલ સમા, વડોદરાની ટીમ ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૭ની રનર્સ-અપ રહી હતી. જે ભારતમાં ઈન્ટર સ્કુલની સૌથી મોટી આઈટી ક્વિઝ છે. તેમણે સિલ્વર મેડલ રૂા. ૧૦૦,૦૦૦નું ઈ-વોલેટ અને રનર્સ અપની ટ્રોફી સ્કુલ માટે જીતી હતી. ડિપીએસ નોઈડાની ટીમ જે દિલ્હી રીજનનું પ્રતિનિધિત્વ કરતી હતી તે વિજેતા ટ્રોફી લઈ ગઈ હતી. જેની સાથે તેમને ગોલ્ડ મેડલ તથા રૂા.૧૫૦,૦૦૦નું ઈ વોલેટ મેળવ્યુ હતું. રાષ્ટ્રીય ફાઈનલ્સ મજબુત સ્પર્ધાનું સાક્ષી બન્યું હતું. જેમાં હરીફાઈ આપનારા ૬ ઉત્કૃષ્ટ સ્પર્ધકો હતા જેઓ ૨ સેમી ફાઈનલ્સ અને ભારતભરના ૧૨ શહેરોમાંથી પસંદ કરવામાં આવ્યા હતા. જેઓ એ વિજેતા માટે સ્પર્ધા કરી હતી. ટીસીએસઆઈટી વિઝ ૨૦૧૭ની રાષ્ટ્રીય ફાઈનલ્સ મુંબઈમાં ડિસેમ્બર ૧૦,૨૦૧૭ના રોજ તાજ લેન્ડ્સ એન્ડ ખાતે યોજાઈ હતી. જેનું આયોજન ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ), જે અગ્રણી આઈટી સર્વિસીસ, કન્સલ્ટીંગ અને બીઝનેશ સોલ્યુશન્સ ધરાવતી કંપની છે. તેના દ્વારા કરવામાં આવ્યું હતું. આ વર્ષે સ્પર્ધામાં, ૧૨૧૩ સ્કુલના ૧૩,૦૦૦થી વધુ ૮-૧૨ ધોરણના વિદ્યાર્થીઓ રીજનલ લેવલે ભાગ લીધો હતો. ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૭ રીજનલ એડીશન્સ આ વર્ષે ઓગષ્ટ-નવેમ્બર દરમ્યાન ભારતના ૧૨ સ્થળોએ યોજાઈ હતી. જેમાં અમદાવાદ, બેંગ્લુર, ભુવનેશ્વર, ચેન્નાઈ, દિલ્હી, હૈદ્રાબાદ, ઈન્દોર-કોચી, કોલકત્તા, મુંબઈ, નાગપુર, અને પુને નો સમાવેશ થાય છે. આ ૧૨ ટીમોએ રસ્તો બે રાઉન્ડના સેમી-ફાઈનલ્સ જેમાં દરેકમાં ૬ ટીમો વચ્ચે સ્પર્ધા કરીને નેશનલ ફાઈનલ્સમાં પહોંચ્યા હતા. નીચે દર્શાવેલ ૬ ટીમોએ નેશનલ ફાઈનલ્સમાં સ્થાન બનાવ્યું હતું.